દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ-૦૨ તા. ૨૨.૦૯.૨૦૨૫

**ત્રીજા ફેઝની તૈયારી** | 3 નવા રૂટનો ડીપીઆર પ્રોસેસમાં, ગોધાવી, શીલજ, નારોલ, મેમ્કો સુધી મેટ્રો દોડશે

# રિંગ રોડની જેમ શહેરમાં મેટ્રોનો સર્ક્યુલર રૂટ બનશે

**ભાસ્કર બ્રેકિંગ**

## ડીપીઆર બન્યા પછી 2030-31 સુધી ત્રીજો ફેઝ પૂરો કરવાનો પ્લાન

વિજયસિંહ ચૌહાણ | અમદાવાદ

ઈસ્ટ-વેસ્ટ, નોર્થ-સાઉથ કોરિડોર અને ગાંધીનગર સુધી પહોંચ્યા બાદ મેટ્રોનો હવે ત્રીજો ફેઝ વધુ વિસ્તરશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન શહેરનાં ત્રણ નવા અને ખૂબ જ મહત્ત્વપૂર્ણ કોરિડોર માટે ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) બનાવડાવી રહી છે. આ ફેઝની સૌથી મહત્ત્વની બાબત એ છે કે, તેમાં આરટીઓને જીવરાજપાર્ક, જીવરાજ પાર્કને નારોલ અને નારોલને મેમ્કો સાથે જોડીને મેટ્રોનો સર્ક્યુલર રૂટ તૈયાર કરાશે. આ રૂટ બન્યા પછી લગભગ શહેરના દરેક વિસ્તારના લોકોનું મેટ્રો સુધી પહોંચવું સરળ બની જશે.

ગુજરાત મેટ્રોએ દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને આ કામની જવાબદારી સોંપી છે. જયપુરની સીઈજી ટેસ્ટ હાઉસ, દિલ્હીની એન. કે. એન્જિનિયર્સ જેવી એક્સપર્ટ કંપનીઓ આ સરવે કરી રહી છે. જીએમઆરસીએ જિયોટેક્નિકલ અને ટ્રોપોગ્રાફિકલ સરવે માટે અમદાવાદ મ્યુનિ. પાસે મંજૂરી માગી છે.

## આ ત્રણ નવા રૂટ | દિલ્હી મેટ્રો કોર્પોરેશન બે ખાનગી કંપની સાથે મળીને કામ કરશે

### 1) થલતેજ ગામથી ગોધાવી

મેટ્રો થલતેજ ગામ સુધી પહોંચી ચૂકી છે. અહીંથી હવે તે શહેરના દક્ષિણ ભાગમાં ઝડપી ગતિએ વિકસી રહેલા રહેલા બોપલ, શેલા, શીલજ જેવા વિસ્તારોને કવર કરી ગોધાવી સુધી જશે.

### 2) શીલજ સર્કલથી સનાથલ

આ કોરિડોર નવા ડેવલપ થઈ રહેલા રહેણાક વિસ્તારને ઔદ્યોગિક વિસ્તાર સનાથલ સાથે જોડશે. તેનાથી નોકરિયાતો અને ઈન્ડસ્ટ્રીમાં કામ કરનારા લોકોને સરળતાથી કનેક્ટિવિટી મળશે.

### 3) RTO-જીવરાજ-નારોલ-મેમ્કો

આ સૌથી લાંબો અને મહત્ત્વપૂર્ણ રૂટ હશે. તે આરટીઓથી જીવરાજ પાર્ક, જીવરાજ પાર્કથી નારોલ અને નારોલથી મેમ્કોને જોડશે. તેનાથી આખા શહેરના મધ્યમાં મેટ્રો રૂટની એક રિંગ બની જશે. તેનાથી શહેરના મધ્યમાં ટ્રાફિકનો ભાર ઓછો થશે અને હજારો લોકોને ટ્રાન્સપોર્ટેશનનો સસ્તો વિકલ્પ મળશે.




**ભાસ્કર નોલેજ**

### મેટ્રો નેટવર્કમાં અમદાવાદ પાંચમા ક્રમે

| શહેર | મેટ્રો નેટવર્ક | દૈનિક પેસેન્જર |
|---|---|---|
| દિલ્હી | 395.81 કિમી | 40-50 લાખ |
| મુંબઈ | 98.63 કિમી | 8-10 લાખ |
| બેંગલુરુ | 76.95 કિમી | 10-12 લાખ |
| હૈદરાબાદ | 69 કિમી | 5-6 લાખ |
| અમદાવાદ | 62.7 કિમી | 1.2-2 લાખ |

(હાલમાં ઓપરેશનલ મેટ્રો નેટવર્ક સામેલ)

**મેટ્રો** નેટવર્ક હાલ શહેરમાં 62.7 કિમીનું છે. ફેઝ 2 અને 3 પૂરો થયા પછી અમદાવાદનું મેટ્રો નેટવર્ક દિલ્હી, મુંબઈની સમકક્ષ પહોંચી જશે.

## બીજા ફેઝમાં ગિફ્ટ સિટીમાં 10 કિમીનો સર્ક્યુલર રૂટ, એરપોર્ટ સુધીના રૂટનો ડીપીઆર તૈયાર

2 હજાર કરોડના ખર્ચે 6 સ્ટેશન સાથે મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ શરૂ કરવા માટે ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી મંજૂરી માટે કેન્દ્ર સરકાર સમક્ષ મોકલાયો છે. તેની સાથે જ અમદાવાદ એરપોર્ટને જોડતા મોટેરાથી કોટેશ્વર થઈ એરપોર્ટ સુધીના 4 કિમી રૂટ પર 1800 કરોડના ખર્ચે મેટ્રો ટ્રેન દોડાવવા માટે પણ ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી મંજૂરી માટે કેન્દ્રને મોકલાયો છે.